# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-09-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જન્મ દિવસ નિમિતે રક્તદાન શિબર:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 75માં જન્મ દિવસની ઉજવણી નિમિતે રાજ્યભરમાં તમામ કર્મચારી મહામંડળ દ્વારા રાજ્યમાં 300થી વધુ જગ્યાએ એક દિવસની મહા રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગરમાં જૂના સચિવાલય ખાતેથી આ રાજ્યવ્યાપી શિબિરનો પ્રારંભ કરાવ્યો. રક્તદાન માટે એક લાખ 27 હજારથી વધુ લોકોએ નોંધણી કરાવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ અંગે સોશિયલ મીડિયા પર એક સંદેશ જાહેર કર્યો છે, જેમાં તેમણે કહ્યું, પ્રધાનમંત્રીના જન્મદિવસે 'સેવા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે આજે રાજ્યભરમાં “નમો કે નામ રક્તદાન” મહા રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે.

કચ્છમાં રાપર સીએચસી ખાતે રાપર તાલુકા સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા રક્તદાન શિબિર યોજાયો હતો.

જી.કે.જનરલ હોસ્પિટલના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં વિવિધ વિભાગના કર્મચારીઓએ ભાગ લીધો હતો. જેમાં રાપર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના 238 શિક્ષકો, તલાટી મંડળના 15, એસટી ડેપોના 63 અને નગરપાલિકાના 15 કર્મચારીઓ સહિત કુલ 331 કર્મચારીઓએ રક્તદાન કર્યું હતું.

---

## કચ્છ યુનિવર્સિટી-યુવા મહોત્સવ :

આવતીકાલ ૧૭ સપ્ટેમ્બરથી કચ્છ યુનિવર્સિટી ખાતે બે દિવસીય યુવા મહોત્સવ ‘કલાકૃતિ 2025’નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કચ્છ યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનો અને કોલેજોની 45 ટીમોમાંથી 1100 સ્પર્ધકો ભાગ લેશે.

યુવા મહોત્સવમાં વકતૃત્વ સ્પર્ધા, ડીબેટ, ક્વીઝ, શાસ્ત્રીય કંઠય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત, હળવું કંઠય સંગીત, પશ્ચિમી કંઠય સંગીત, પોસ્ટર મેકિંગ, મહેંદી, શાસ્ત્રીય નૃત્ય સહિતની સ્પર્ધાઓમાં યુવાઓ પોતાની પ્રતિભા રજૂ કરશે.

યુવા પ્રતિભાઓની સર્જનાત્મક અભિવ્યકિત માણવા અને તેઓને પ્રોત્સાહિત કરવા વિદ્યાર્થીગણ, નગરજનો અને વાલીઓને નિમંત્રણ અપાયું છે.

---

## સુપોષિત કચ્છ:

કચ્છ જિલ્લાને સુપોષિત બનાવવાના ઉદ્દેશ્ય સાથે જિલ્લા પંચાયતની આઈસીડીએસ શાખા દ્વારા એક નવી મોનિટરિંગ સિસ્ટમ ‘સુપોષિત કચ્છ’ અમલમાં મૂકવામાં આવી છે. આ મોનિટરિંગ સિસ્ટમ ‘સુપોષિત કચ્છ’ પહેલનો મુખ્ય હેતુ માતા, બાળકો અને કિશોરીઓ માટેની વિવિધ સરકારી યોજનાઓના લાભો નિયમિતપણે અને યોગ્ય ગુણવત્તા સાથે છેવાડાના નાગરિકો સુધી પહોંચે તેની ખાતરી કરવાનો છે.

વિશાળ ભૌગોલિક વિવિધતાને કારણે કુલ 2116 આંગણવાડીનું અસરકારક મોનિટરિંગ કરવું એક પડકારરૂપ કાર્ય છે અને દુર્ગમ વિસ્તારોમાં વાહન વ્યવસ્થાના અભાવ જેવા પડકારને પહોંચી વળવા અને યોજનાઓના લાભો તમામ લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે ભૌતિક નિરીક્ષણ સાથે ઓનલાઈન માધ્યમોનો ઉપયોગ કરવા આ સીસ્ટમ ઉભી કરવામાં આવી છે. આ નવી સિસ્ટમ હેઠળ જિલ્લા અને તાલુકા કક્ષાએ મોનિટરિંગ સેલની પણ રચના કરવામાં આવી છે.

---

## સ્વસ્થ નારી– સશક્ત પરિવાર:

માતા અને બાળકના આરોગ્યને મજબૂત બનાવવા માટે સ્વસ્થ નારી– સશક્ત પરિવાર પખવાડિયા અંતર્ગત આવતીકાલ ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર દરમિયાન વિશેષ આરોગ્ય અને રસીકરણ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

પખવાડિયા દરમ્યાન જીલ્લામાં આવેલ આયુષ્માન આરોગ્ય મંદિરો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, શહેરી આયુષ્માન આરોગ્ય મંદિરો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હોસ્પિટલો, મેડિકલ કોલેજો, સહીત તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો ખાતે આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવશે. જેમાં મહિલાઓ માટે ચકાસણી અને આરોગ્ય સેવાઓ, ENT, આંખ, બ્લડ પ્રેશર, બ્લડ શુગર અને ડેન્ટલ ચેક-અપ, કેન્સર ની ચકાસણી, ગર્ભવતી મહિલાઓની પૂર્વ પ્રસૂતિ તપાસ, ટીબી ચકાસણી, સિકલ સેલ એનિમિયા ચકાસણી, વગેરે કરી આપવામાં આવશે.

આ ઉપરાંત, આરોગ્યની વિવિધ સેવાઓ જેવી કે માતા અને બાળક સંરક્ષણ કાર્ડ, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના નોંધણી, આયુષ્માન વયા વંદના કાર્ડ, સિકલ સેલ કાર્ડ અને પોષણ ટ્રેકરમાં લાભાર્થીઓની નોંધણી સરળતા આપવામાં આવશે.

આ અભિયાન અંતર્ગત આવતીકાલે ૧૭ મી એ મહા મમતા દિવસ, ૨૦ મી એ પંચગણી રસીકરણ, ૨૪ મી તારીખે પોલીયો રસીકરણ, ૨૫ મી એ મીઝલ્સ-રૂબેલા રસીકરણ, જયારે પહેલી ઓક્ટોબરે મહા મમતા દિવસ મનાવવામાં આવશે

અભિયાનની સફળતા માટે હેડ કાઉન્ટ સર્વે તથા માઇક્રોપ્લાનિંગ શરૂ કરાયું છે. સર્વે દરમિયાન સગર્ભા માતાઓ અને ૦ થી ૨ વર્ષના બાળકો, જેઓ TD, MR, OPV અને IPV ના ડોઝ ચૂકી ગયા હોય તેમની નોંધણી કરીને રસીકરણની સુનિશ્ચિતતા કરવામાં આવશે. સગર્ભા માતાઓ તથા માતા-પિતાએ પોતાના બાળકોને સમયસર રસીકરણ કરાવવા આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

---

# વિવિધ જાહેરનામા:

જિલ્લામાં યોજાનારા ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે સાવચેતીના પગલાં રૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ડી.પી.ચૌહાણ એ તા.૩૦ સપ્ટેમ્બર સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.

આ ઉપરાંત, જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર પણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જે અંતર્ગત દરેક સરકારી કચેરીઓની બહાર કે સરકારી કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા અંગે મનાઇ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

તમામ સરકારી કચેરીઓના પરિસરની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇ મંડળી બનાવી સરઘસ કે રેલી કાઢીને આવેદન પત્ર આપવા ઉપર પર મનાઇ ફરમાવવામાં આવી છે.

તેમજ અનધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ વ્યક્તિઓ એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થવા, કોઇ મંડળી બનાવી રેલી, સરઘસ, દેખાવો કરવા કાઢવા કે રેલી સ્વરૂપે એકઠા થઇને આવેદન પત્ર આપવા પર મનાઇ ફરમાવવામાં આવી છે. સરકારી કચેરીઓમાં બિનઅધિકૃત વ્યક્તિઓને પ્રવેશવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

-----------------------------------------------------------------------------------------------